# ભજનઃ૨૧
## રાજમહેલમાં શોભે નહિ...

રાજમહેલમાં શોભે નહિ એવા સંત ફકીરને બાવા.
છોડી દો મીરાં ગુણ ગોવિંદના ગાવા...૨

ઢોલ નગારા તારા તબુંરા વાગે, ઢોંગના શોભે આવા...૨
એવુ અમારે કામ ન આવે..૨ તમો બેઠા છો કુળને લજાવા
છોડી દો મીરાં.......

સગા વ્હાલા રે સહું ભેળા મળીને, લાગ્યા મીરાને મનવવા...૨
રાજમહેલના તમે સુખ ભોગવો..૨ ખાવો મીઠાઈને મેવા
છોડી દો મીરા.......

સરખી સહેલી સહું ટોળે મળીને, ચાલ્યા નદીયે ન્હાવા...૨
સાધુ કેરો સંગ છોડી દો મીરા..૨ બદનામ કરશે બાવા
છોડી દો મીરા.......

ગુરુ પ્રતાપે એવો અવસર મળયો, રુણ પ્રભુના ચુકવવા...૨
બાઈમીરા કહે પ્રભુ ગીરધર નાગર..૨ હેતે હરિના ગુણ ગાવો
છોડી દો મીરા........